સુપ્રીમ કોર્ટના આદેશ અને કેન્દ્રના નવા નિયમો અનુસાર

શહેરમાં 4 પ્રકારના કચરાનું વર્ગીકરણ હવે ફરજિયાત

સુરત મનપાએ મંજૂર કર્યા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બાય-લોઝ-2026

નવા 2026ના નિયમો મુજબ હવે એન્વાયરમેન્ટલ કમ્પેન્સેશન ચાર્જીસ વસૂલ કરવામાં આવશે

હવે ત્રણના બદલે ચાર પ્રકારનું વર્ગીકરણ કરવું પડશે



» ભીનો કચરો (લીલો ડબ્બો)
» સૂકો કચરો (વાદળી ડબ્બો)
» સેનેટરી વેસ્ટ (લાલ ડબ્બો)
» સ્પેશિયલ કેર વેસ્ટ (કાળો ડબ્બો)

ચાર વર્ગમાં વર્ગીકરણ

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બાય-લોઝ-2026ના મુખ્ય મુદ્દાઓ

બલ્ક વેસ્ટ જનરેટરોની વ્યાખ્યા અને જવાબદારી

જે એકમો દૈનિક 100 કિ.ગ્રા. કે તેથી વધુ કચરો ઉત્પન્ન કરતા હોય, અથવા 20,000 ચો.મી. કે તેથી વધુ ક્ષેત્રફળ ધરાવતા હોય, અથવા દૈનિક 40,000 લીટર કે તેથી વધુ પાણીનો વપરાશ કરતા હોય, અથવા 5 હજાર કે તેથી વધુ માઇન્ડ્સ પેકેજ પણ એક માઇન્ડમાં લાગુ પડતા હોય તેમને બલ્ક વેસ્ટ જનરેટર તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે. તેઓએ CPCBના સેન્ટ્રલાઇઝ્ડ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવું. EBWGR સર્ટિફિકેટ મેળવવું અને દર વર્ષે 30 જૂન સુધીમાં વાર્ષિક અહેવાલ ભરવાનો રહેશે.

ઓન-સાઇટ પ્રોસેસિંગ ફરજિયાત

બલ્ક વેસ્ટ જનરેટરોએ ભીના કચરાનું સ્થળ પર જ પ્રોસેસિંગ કરવાનું રહેશે. જો સ્થળ પર પ્રોસેસિંગ શક્ય ન હોય તો સંબંધિત સ્થાનિક સંસ્થા દ્વારા અધિકૃત કરાયેલી એજન્સીને કચરો પ્રોસેસિંગ અર્થે આપવાનો રહેશે અને સ્થાનિક સંસ્થા પાસેથી EBWGR સર્ટિફિકેટ મેળવવાનું રહેશે.

ડિજિટલ મોનિટરિંગ અને રિપોર્ટિંગ

જૂના નિયમોમાં ડેટા મોનિટરિંગ અને રિપોર્ટિંગ મહાનગરપાલિકા સ્તરે મેન્યુઅલી થતું હતું. નવા નિયમો મુજબ હવે CPCBના સેન્ટ્રલાઇઝ્ડ પોર્ટલ પર ડિજિટલી અને મોનિટરિંગ કરવામાં આવશે.

એન્વાયરમેન્ટલ કમ્પેન્સેશન ચાર્જીસ

જૂના 2016ના નિયમોમાં કડક દંડની જોગવાઈ ન હતી. નવા 2026ના નિયમો મુજબ હવે એન્વાયરમેન્ટલ કમ્પેન્સેશન ચાર્જીસ વસૂલ કરવામાં આવશે.

સુરત: મહાનગરપાલિકાએ ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-2026' તથા સુપ્રીમ કોર્ટના આદેશોના અમલીકરણ માટે 'સુરત મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બાય-લોઝ-2026'ને મંજૂરી આપી છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન રાજન પટેલે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશો અનુસાર એફિડેવિટ રજૂ કરવા અને બાય-લોઝ ઘડવાની પ્રક્રિયા હેઠળ શનિવારે સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂરી આપવામાં આવી છે. જેથી સમગ્ર દેશમાં તબક્કાવાર અમલ થઈ રહેલા નિયમોનું શહેરમાં સુચારુ પાલન થઈ શકે. કેન્દ્ર સરકારે 27 જાન્યુઆરી-2026ના રોજ આ નિયમો સૂચિત કર્યા હતા અને 1 એપ્રિલ-2026થી તે સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવ્યા છે. આ નિયમો તમામ ઘરેલુ, વ્યાવસાયિક, ઔદ્યોગિક અને સંસ્થાકીય કચરા ઉત્પાદકોને લાગુ પડે છે.

રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન (અર્બન)-ગુજરાત મારફતે મોકલાયેલા મોડેલ બાય-લોઝને ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-1949ની કલમ-458 અને 460 હેઠળ મંજૂર કરીને સામાન્ય સભા સમક્ષ રજૂ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. આગામી ચાર્જીસ અને કાર્યવાહી રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિધિવત ગાઇડલાઇન અનુસાર થશે. મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષ પદે સમિતિઓ, વોર્ડ સ્તરે ન્યૂસન્સ સ્ક્વોડ અને CPCB પોર્ટલ પર સમયસર રિપોર્ટિંગ દ્વારા અમલીકરણ કરવામાં આવશે.

LLBના વિદ્યાર્થીએ બીમારીથી કંટાળીને જીવન ટુંકાવી લીધું

ગળા અને ફેંફસાંની બીમારીથી દિવ્યેશ કંટાળી ગયો હતો, તેની સગાઇ પણ થઇ ચૂકી હતી

સુરતઃ એલ.એચ. રોડ વિસ્તારમાં રહેતા 23 વર્ષીય LLBના વિદ્યાર્થીએ ગળા અને ફેંફસાંની લાંબી બીમારીથી કંટાળી ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. યુવાનની સગાઈ પણ થઈ ચૂકી હતી. લાંબા સમયથી બીમારીની સારવાર ચાલી રહી હતી અને તેનાથી કંટાળી આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ ગીર સોમનાથના ઉનાના વતની અને હાલ વરાછા લંબે હનુમાન રોડ પર આવેલી ડાયાપાર્ક સોસાયટીના શ્રીરામ એપાર્ટમેન્ટમાં રહેતો 23 વર્ષીય દિવ્યેશકુમાર મનોજભાઈ ચાંદોરા LLBનો અભ્યાસ કરતો હતો અને સાથે વકીલની ઓફિસે કામ શીખવા જતો હતો. શનિવારે વહેલી સવારે તેમણે પોતાના ઘરે લોખંડની હૂક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને જાણ થતાં તાત્કાલિક તેને નીચે ઉતારી સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

જોકે, ત્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. દિવ્યેશકુમારની સગાઈ થઈ ચૂકી હતી અને તેના પિતા સિલાઈ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. દિવ્યેશકુમાર લાંબા સમયથી ગળા અને ફેંફસાંની બીમારીથી પીડાતો હતો અને તેની દવાઓ પણ ચાલુ હતી. બીમારીથી કંટાળી તેણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ બનાવ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અંબિકા નિકેતનમાં માતાજીના ચરણનાં દર્શન માટે ભક્તોની ભીડ


(તસવીર : સતીષ જાદવ)



સુરતના પાર્લે પોઇન્ટ વિસ્તારના અંબિકા નિકેતન મંદિરમાં દેવઊઠી અગિયારસ નિમિત્તે માતાજીના જમણા ચરણનાં દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઊમટી પડ્યા હતા. વર્ષમાં માત્ર એક જ દિવસ માતાજીના જમણા પગના દર્શન કરવાનો લહાવો મળતો હોવાથી સુરતીલાલાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

સિટીલાઈટમાં ફાઈનાન્સ કન્સલ્ટન્ટ સાથે રૂ.૫.૩૮ લાખની ઠગાઈ

પિતાના ફોન પર ગુજરાત ગેસના નામે કનેક્શન કપાઇ જવાની ધમકીનો મેસેજ આવ્યો

સુરતઃ સિટીલાઈટ વિસ્તારમાં રહેતા એક ફાઈનાન્સ કન્સલ્ટન્ટ સાથે ગેસ બિલ અપડેટના નામે મોકલાયેલી બનાવટી APK ફાઈલ મારફતે સાયબર ગઠિયાઓએ રૂ.૫,૩૮,૮૮૩.૨૭ની છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવ્યો છે.

સિટીલાઈટ વિસ્તારમાં આવેલા માઈલસ્ટોન પેલેસિયો ખાતે રહેતા રોહન દેવેશ મહેતા ફાઈનાન્શિયલ કન્સલ્ટન્ટ તરીકે કાર્યરત છે. ગત તા.૩/૮/૨૦૨૬ના રોજ બપોરે બે વાગ્યાના અરસામાં તેમના પિતા દેવેશ રમેશભાઈ મહેતાના મોબાઈલ પર વોટ્સએપ મારફતે 'ગુજરાત ગેસ પ્રાઈવેટ લિમિટેડ'ના નામે મેસેજ આવ્યો હતો.

મેસેજમાં ગેસ કનેક્શનનું બિલ બાકી હોવાથી કનેક્શન કાપી નાંખવાની નોટિસ અપાઈ હોવાનું જણાવી અધિકારી અશોક પટેલનો સંપર્ક કરવા સૂચવાયું હતું. આશરે આઠ મહિનાનું ગેસ બિલ બાકી હોવાથી મેસેજ સાચો માની રોહને આપેલા નંબર પર ફોન કરતા સામેની વ્યક્તિએ બિલ ભરવા માટે લિંક મોકલવાની વાત કરી હતી. બાદ પિતાના ફોન પર 'GUJRAT GAS BILL UPDATE.apk' નામની બનાવટી ફાઈલ મોકલવામાં આવી હતી, જે પિતાએ રોહનના મોબાઈલ પર ફોરવર્ડ કરી હતી. રોહને ફાઈલ ખોલતા તેમાં બિલ પેમેન્ટનો વિકલ્પ દેખાયો હતો, પરંતુ ત્યારબાદ ફોન હેક થઈ ગયો હોવાનું અને તેનું એક્સેસ અજાણ્યા શખ્સો પાસે જતું રહ્યું હોવાનું ધ્યાને આવ્યું હતું. દરમિયાન રોહનના નંબર પર કોલ ફોરવર્ડિંગ ચાલુ અને બંધ થયાના મેસેજ પણ આવ્યા હતા.

આરોપીઓએ જાણ બહાર બેંકિંગ એપ્લિકેશનનું એક્સેસ મેળવી બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી રૂ.૩,૫૬,૫૦૭, આઈસીઆઈસીઆઈ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૪૮,૫૦૦ તથા એસબીઆઈ ક્રેડિટ કાર્ડમાંથી રૂ. ૧,૩૩,૮૭૬ મળી કુલ રૂ.૫,૩૮,૮૮૩ ઉપાડી લીધા હતા. આ બનાવ અંગે રોહને સાઈબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ડિંડોલીની આગમાં ફસાયેલી વૃદ્ધાને બચાવી લેવાઈ

હરિદ્વાર સોસાયટીની ઘટના



સુરતઃ ડિંડોલી વિસ્તારમાં આવેલી હરિદ્વાર સોસાયટીમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા મકાનમાં ભીષણ આગ લાગી હતી. આગની જ્વાળાઓને મકાનના દરવાજા અને બારીમાંથી બહાર આવી જતા લોકો એકઠા થઈ ગયા હતા. ઉપરના માળે રહેતા ૮૫ વર્ષીય વૃદ્ધાનું ફાયરબ્રિગેડ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું.

ડિંડોલી વિસ્તારના હરિદ્વાર સોસાયટીના મકાનમાં શનિવારે બપોરે આગ લાગી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. આગની જ્વાળાઓ તથા ધુમાડો બારી અને મકાનના દરવાજામાંથી બહાર આવતા સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. સાથે જ મકાનની ઉપરના માળે ૮૫ વર્ષીય હિમલબેન પાટીલ ફસાયા હતા. ઘટના અંગે ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ડિંડોલી ફાયર સ્ટેશનની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી.

સ્થળ પર પહોંચેલી ફાયર વિભાગની ટીમ દ્વારા આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરાઈ હતી. ફાયર જવાનોની ટીમ દ્વારા ગણતરીના સમયમાં જ આગ પર કાબૂ મેળવી લીધો હતો અને અન્ય ટીમ દ્વારા વૃદ્ધ મહિલાનું રેસ્ક્યૂ કરી ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

બંધ કારમાં 3 કલાક ફસાયેલી મહિલાને પોલીસે બચાવી

જેરામ મોરાની વાડી પાસે બનેલી ઘટના

કાચ તોડી મહિલાને બહાર કાઢી ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડાઈ

સુરતઃ કતારગામ વિસ્તારમાં બંધ કારમાં અંદરથી લોક થઈ ગયેલી મહિલાને પોલીસે કારનો કાચ તોડી સુરક્ષિત બહાર કાઢી હતી. જેરામ મોરાની વાડી અને વાટલિયા સમાજની વાડીના ગેટ પાસે ઊભેલી કારમાં મહિલા અંદાજે ત્રણ કલાકથી ફસાયેલી હતી. સ્થાનિકોની સતર્કતા અને કતારગામ પોલીસની સમયસૂચક કામગીરીને કારણે મહિલાને સમયસર બહાર કાઢી મોટી દુર્ઘટના ટળી હતી. બનાવની વિગતો મુજબ કતારગામમાં જેરામ મોરાની વાડી અને વાટલિયા સમાજની વાડીના ગેટ પાસે એક ફોર-વ્હીલર કાર ઊભી હતી. આ કારમાં મહિલા અંદરથી લોક થઈ જતાં બહાર નીકળી શકતી ન હતી. મહિલા લાંબા સમયથી કારમાં ફસાયેલી હોવાનું ધ્યાન પર આવતાં સ્થાનિક રહીશોએ તાત્કાલિક કતારગામ પોલીસને જાણ કરી હતી. માહિતી મળતાં જ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. કારમાં મહિલા ફસાયેલી હોવાની ગંભીરતા સમજી પોલીસે વધુ સમય બગાડ્યા વિના કારનો કાચ તોડી મહિલાને બહાર કાઢી હતી. બાદ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી મહિલાને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

બંધ કારમાં અંદાજે ત્રણ કલાક સુધી ફસાયેલી રહેવાને કારણે મહિલાની તબિયત અંગે ચિંતા ઊભી થઈ હતી.

નિયોલના યુવાનની તળાવમાંથી લાશ મળી

સુરતઃ પલસાણાના નિયોલ ગામનો રહેવાસી 35 વર્ષીય પ્રવીણભાઈ રાઠોડ ગત 13મી તારીખે ઢોર ચરાવવા માટે દામકા ગામે જગદીશભાઈ આહીરને ત્યાં ગયા બાદ રહસ્યમય રીતે ગુમ થયો હતો. પરિવારજનોની શોધખોળ બાદ ઈચ્છાપોર પોલીસ મથકે ગુમ થયાની ફરિયાદ નોંધાવાઈ હતી. દરમિયાન શુક્રવારે સવારે હજીરા રોડ પર ક્રિભકો કંપની નજીક ભારત માતા મંદિર પાછળના તળાવમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. ઈચ્છાપોર પોલીસે મૃતદેહનો કબજો મેળવી આ મોત અકસ્માત છે કે આપઘાત તે દિશામાં તપાસ હાથ ધરી છે.

જુનિયર ડોક્ટર આપઘાત કેસમાં બે તબીબને જામીન

સરકાર પક્ષ અને મૂળ ફરિયાદીની દલીલો ફગાવાઈ

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલના જુનિયર ડોક્ટર હર્ષ પંડ્યાના આપઘાતના દુષ્પ્રેરણા કેસમાં આરોપી ડો.હિનાબેન વાલજીભાઈ ભૂત, ડો.નિરાલી પરેશભાઈ વસાવેની અલગ અલગ જામીનની સુનાવણી બાદ સ્પેશિયલ જજ (એટ્રોસિટી) પીયૂષકુમાર અશોકભાઈ પટેલે જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. સરકાર પક્ષે આરોપી સિનિયર હોવાથી મૃતક પાસે તેના દાયરા બહારનાં કામો કરાવતા અને જાહેરમાં તથા ખાનગીમાં અપમાનિત કરતા હોવાની દલીલ તથા મૂળ ફરિયાદ પક્ષે આરોપી વિદેશ નાસી જવાની શક્યતા, તપાસમાં વિક્ષેપ અને સમાજમાં ખોટો સંદેશ જવાની દલીલ કરી જામીન નામંજૂર કરવા રજૂઆત કરી હતી. જ્યારે બચાવ પક્ષે અરજદાર નિર્દોષ છે અને તેમને ખોટી રીતે સંડોવવામાં આવ્યા છે. પ્રથમ ફરિયાદમાં દુષ્પ્રેરણા કે માનસિક ત્રાસનો કોઈ ઉલ્લેખ ન હતો. હાલની ફરિયાદ ૧૫ ઓગસ્ટે, એટલે કે સાત દિવસે મૃતકના પિતાએ નોંધાવી હતી સહિતની દલીલ કરી જામીન અરજી મંજૂર કરવા રજૂઆત કરી હતી.

જ્યારે આરોપી ડો.નિરાલી વસાવે પક્ષે પોતે અનુ.જનજાતિના છે, તેથી એટ્રોસિટી એક્ટ લાગુ પડે નહીં. ફરિયાદમાં અરજદાર સામે કોઈ ચોક્કસ ભૂમિકા દર્શાવાઈ નથીની રજૂઆત કરાઈ હતી. તમામ પક્ષકારોની રજૂઆત બાદ એટ્રોસિટી કોર્ટે એફ.આઈ.આર. અને પોલીસ તથા ફરિયાદીનાં સોગંદનામાં ધ્યાને લીધા બાદ નોંધ્યું કે અરજદાર તબીબી અભ્યાસ કરે છે, સુરતમાં જ રહે છે અને નાસી જાય તેમ નથી. બાકીની તપાસ તેમની કસ્ટડી વગર પણ થઈ શકે અને કેસ ચાલતા ઘણો સમય લાગશે. વધુમાં આ જ ગુનાના અન્ય સહ-આરોપીને જામીન અપાયાં છે અને અરજદારનો રોલ તેમના સમકક્ષ હોવાથી સમાનતા (પેરિટી) ના ધોરણે પણ તેઓ જામીનના હકદાર છે. અત્રે નોંધનીય છે કે, અગાઉ કોર્ટે આરોપી ડો.અનુજની જામીન અરજી મંજૂર કરી હતી.

ઉંબેરમાં નવી ડિસ્પોઝલ સાઇટ પર ટેસ્ટિંગ શરૂ કરવામાં આવ્યું

દૈનિક 140 મેટ્રીક ટન કચરાનું પ્રોસેસિંગ શરૂ થયું

જાન્યુઆરી સુધીમાં 1000 ટન પર લઈ જવાનો લક્ષ્યાંક

સુરતઃ મહાનગરપાલિકાએ શહેરના ઘન કચરાના વ્યવસ્થાપનને વધુ મજબૂત બનાવવા માટે મહત્ત્વનું પગલું ભર્યું છે. વર્ષોથી વિવાદિત ખજોદ ડિસ્પોઝલ સાઇટ પર કચરાનો વિશાળ જથ્થો જમા થતાં નિકાલમાં આવી રહેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી હવે ઉંબેર ખાતે તૈયાર કરાયેલી નવી વૈકલ્પિક સાઇટ પર કચરાના નિકાલની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં ટ્રાયલ બેઝ પર 140 મેટ્રિક ટન કચરો ઉંબેર સાઇટ પર લાવીને વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ કરવામાં આવ્યો હતો. આ કામગીરી સફળ રહી છે. સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, જાન્યુઆરી સુધીમાં ઉંબેર સાઇટ પર 1000 મેટ્રીક ટન કચરાનું પ્રોસેસિંગ શરૂ થઇ જશે.

ખજોદ સાઇટ પર અગાઉથી કચરાના નિકાલની કામગીરી ચાલુ હોવા છતાં કોન્ટ્રાક્ટરની ધીમી ગતિને કારણે અપેક્ષિત પરિણામો મળી શક્યાં ન હતાં. જૂના કચરાના નિકાલની સામે દરરોજ નવો કચરો ઉમેરાતો રહેતાં ખજોદ ખાતે કચરાનો વિશાળ ડુંગર ઊભો થઈ ગયો હતો.

આ ગંભીર સમસ્યાને હલ કરવા અને નિકાલની પ્રક્રિયાને વેગ આપવા માટે પાલિકાએ ઉંબેર ખાતે આધુનિક સુવિધાઓ સાથે નવી ડિસ્પોઝલ સાઇટ વિકસાવી છે. હવે શહેરના કેટલાક વિસ્તારોનો કચરો ખજોદને બદલે સીધો ઉંબેર મોકલવાનો નિર્ણય લેવાયો છે. ટ્રાયલ કામગીરીમાં ડિંડોલી અને ભેસ્તાન વિસ્તારમાંથી એકત્ર થતા કચરાને ઉંબેર સાઇટ પર ડાયવર્ટ કરવામાં આવ્યો હતો. આ બંને વિસ્તારોમાંથી કુલ 14 વાહન મારફતે 140 મેટ્રિક ટન કચરો પહોંચાડીને સાઇટની કાર્યક્ષમતાનું સફળ પરીક્ષણ કરાયું હતું. આ હકારાત્મક પરિણામોના આધારે આગામી દિવસોમાં કચરાનો જથ્થો તબક્કાવાર વધારવામાં આવશે. પાલિકાનું આયોજન છે કે આ નવી સાઇટ પર પ્રતિદિન 1000 મેટ્રિક ટન સુધી કચરાનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવામાં આવે અને ત્યારબાદ સાઇટની મહત્તમ ક્ષમતા મુજબ સંપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવે.

ઉંબેર સાઇટ પર નિયમિત નિકાલ શરૂ થતાં ખજોદ પર ઠલવાતા નવા કચરાનો પ્રવાહ નોંધપાત્ર રીતે ઘટશે. પરિણામે ખજોદ ખાતે અગાઉથી જમા થયેલા કચરાના ડુંગરને સાફ કરવા માટે તંત્રને વધુ સમય અને સંસાધનો ફાળવવાની તક મળશે. વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે ખજોદ સાઇટનો સંપૂર્ણ કબજો પણ આગામી સપ્તાહમાં પાલિકાને મળી જવાની શક્યતા છે. આથી શહેરની સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણીની કામગીરીને નવી ગતિ મળશે તેવી અપેક્ષા છે.

અડાજણના કર્મચારી સાથે ૧૪.૪૭ લાખની ઓનલાઈન છેતરપિંડી

ઈન્સ્ટાગ્રામ રીલ્સથી શરૂ થયેલો સંપર્ક છેતરપિંડીમાં પરિણમ્યો

એડ્વાઈઝરી કંપની અને 'વેલ્થ ટ્રેડ' એપ મારફતે વિશ્વાસ કેળવી અલગ-અલગ ખાતામાં રકમ ટ્રાન્સફર કરાવી લીધી

સુરતઃ અડાજણ વિસ્તારમાં પાલનપુર જકાતનાકા પાસે વિદ્યાકુંજ સ્કૂલ નજીક વૃંદાવન સોસાયટી (ગેટ નં.૧) ખાતે સંજયભાઈ મહેશભાઈ ઠાકોરદાસ માંજરાવાલા (ઉ.વ. ૪૪) પરિવાર સાથે રહે છે. તેઓ વડોદરા સ્થિત દુર્ગા પ્રોસેસ કંપનીમાં આસિસ્ટન્ટ ડાઈંગ તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા. ૧૮/૮/૨૦૨૬ના રોજ તેઓ ઈન્સ્ટાગ્રામ પર શેરમાર્કેટમાં રોકાણથી નફો મળતી રીલ્સ જોઈને લિંક પર ક્લિક કરતાં વોટ્સએપ મારફતે અંકિત શર્મા નામના શખ્સ સાથે સંપર્ક થયો હતો. ટ્રેડિંગ હેન્ડલ કરી નફો વહેંચવાની વાતોમાં આવી સંજયભાઈએ એન્જલ વન અને ત્યારબાદ ગ્રો એપના ડીમેટ એકાઉન્ટના આઈડી-પાસવર્ડ આપ્યા હતા. શરૂઆતમાં થોડો નફો બતાવી કમિશન અને માર્જિન પેટે નાણાં ટ્રાન્સફર કરાવાયાં હતાં. જ્યારે ગ્રો એપમાં શેર પ્લેજ કરી મેળવેલી રકમ સહિત ટ્રેડિંગમાં ખોટ બતાવવામાં આવી હતી. બાદ અભિષેક રોય, પ્રબલ ઠાકુર અને રોહન નામના શખ્સોએ ટ્રેડિંગ ચાર્જ બચાવવાના બહાને લિંક મોકલી 'વેલ્થ ટ્રેડ'નામની એપ ડાઉનલોડ કરાવી ડીમેટ એકાઉન્ટ બનાવડાવ્યું હતું. વધુ નફા અને અગાઉનું નુકસાન રિકવર કરવાના વિશ્વાસમાં લઈ આરોપીઓએ યુપીઆઈ આઈડી તેમજ એયુ બેંક, ડીસીબી બેંક, કેથોલિક સિરિયન બેંક, ઉમિયા અર્બન કો-ઓપરેટિવ બેંક, એચડીએફસી, એક્સિસ, યસ બેંક, એસવીસી, આંધ્રપ્રદેશ ગ્રામીણ બેંક, બેંક ઓફ ઈન્ડિયા અને મહારાષ્ટ્ર ગ્રામીણ બેંક સહિતનાં વિવિધ ખાતાઓમાં કુલ રૂ.૧૪,૪૭,૯૯૭ ટ્રાન્સફર કરાવ્યા હતા. બાદ એપમાં તમામ રકમ ખોટમાં જતી રહી હોવાનું જણાવી વધુ નાણાં માંગવામાં આવ્યાં હતાં. નાણાં પરત માંગતા અને ૧૯૩૦ હેલ્પલાઈન પર ફરિયાદ કર્યા બાદ સંપર્ક બંધ કરી દેવાયો હતો તેમજ વોટ્સએપ કોલ પર ધમકી અપાઈ હોવાનું જણાવી સંજયભાઈએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

TAT-HSના પરિણામ સામે ઉમેદવારોમાં અસંતોષ: કલેક્ટરને રજૂઆત

બંને પેપરના અલગ-અલગ ગુણ જાહેર કરવા સહિત 8 મુદ્દાની માંગણી

ઉત્તરવહીઓ જાહેર કરી રિ-ચેકિંગ અને પુન: મૂલ્યાંકન કરવાની માગ ઊઠી

સુરતઃ TAT-HS મુખ્ય પરીક્ષાના જાહેર થયેલા પરિણામને લઈને રાજ્યભરના હજારો ઉમેદવારોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. આ મામલે સુરત જિલ્લાના TAT-HSના ઉમેદવારોએ શનિવારના રોજ સુરત જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી પરિણામની નિષ્પક્ષ તપાસ કરવાની માગ કરી છે. ઉમેદવારોએ પરિણામમાં પારદર્શિતા લાવવા બંને પેપરના ગુણ અલગ-અલગ જાહેર કરવા, ઉમેદવારોની ઉત્તરવહીઓ ઉપલબ્ધ કરાવવા તેમજ રિ-ચેકિંગ અને પુન:મૂલ્યાંકન કરવાની માગણી કરી છે.

ઉમેદવારોની રજૂઆત મુજબ, 8 ઓગસ્ટ, 2026ના રોજ TAT-HS મુખ્ય પરીક્ષા લેવામાં આવી હતી અને તેનું પરિણામ 5 નવેમ્બર, 2026ના રોજ સત્તાવાર વેબસાઇટ પર જાહેર કરવામાં આવ્યું હતું. જોકે, પરિણામમાં મળેલા ગુણને લઈને હજારો ઉમેદવારોમાં અસંતોષ છે. ઉમેદવારોએ આક્ષેપ કર્યો છે કે પરીક્ષામાં સારી તૈયારી અને મહેનત સાથે જવાબો લખ્યા હોવા છતાં અપેક્ષા કરતાં ઘણાં ઓછા ગુણ મળ્યા છે. આ પરીક્ષામાં તાજેતરના વિદ્યાર્થીઓથી લઈને પ્રિલિમ્સના ટોપર્સ, યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલિસ્ટ, 10થી 15 વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો, પીએચડી કરતા ઉમેદવારો, શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનારા શિક્ષકો તેમજ પુસ્તકો પ્રકાશિત કરનારા શિક્ષકો પણ સામેલ થયા હતા. તેમ છતાં મોટાભાગના ઉમેદવારોને 80થી 110ની આસપાસ ગુણ મળ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કેટલાક ઉમેદવારોએ 150થી વધુ ગુણનું લખાણ સચોટ રીતે લખ્યું હોવા છતાં મળેલા ગુણ ચોંકાવનારા હોવાનું જણાવ્યું છે. ઉમેદવારોએ પરીક્ષાના પરિણામ અંગે કોઈ પૂર્વગ્રહ વિના પારદર્શક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તથા તમામ રજૂઆતોના મુદ્દાઓનો યોગ્ય જવાબ આપવામાં આવે તેવી માગ સાથે કલેક્ટર સમક્ષ ન્યાયની અપીલ કરી છે.

ઉમેદવારોએ કલેક્ટરને કરેલી રજૂઆતમાં કુલ આઠ મુખ્ય માંગણીઓ રજૂ કરી છે

બંને પેપરના ગુણ અલગ-અલગ જાહેર કરવા, દરેક ઉમેદવારનો સીટ નંબર, કન્ફર્મેશન નંબર, જન્મતારીખ, કેટેગરી અને વિષયવાર પરિણામની યાદી પ્રસિદ્ધ કરવા તથા માત્ર એક પેપર આપનારા ઉમેદવારોની યાદી પણ જાહેર કરવાની માગ સામેલ છે. આ ઉપરાંત ઉમેદવારોએ પોતે લખેલી બંને પેપરની ઉત્તરવહીઓની નકલ આપવા અને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પેપર-1 (ગુજરાતી ભાષા સજ્જતા) તથા પેપર-2ની અધિકૃત આન્સર કી જાહેર કરવાની માગ કરી છે. આ સાથે રજૂઆતમાં પરિણામના જાહેરનામામાં દર્શાવેલા આંકડાઓમાં વિસંગતતા હોવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે. આ વિસંગતતાનો ખુલાસો કરવા ઉપરાંત ઉત્તરવહીઓની તપાસ કરનારા મૂલ્યાંકનકારોની લાયકાત, મૂલ્યાંકન માટેના માપદંડો અને નિયમો અંગે પણ સ્પષ્ટતા માગવામાં આવી છે. ઉમેદવારોએ રિ-ચેકિંગ, રિ-એસેસમેન્ટ અને પુન:મૂલ્યાંકન કરવાની પણ માગ કરી છે.